સામાયિક મૂલ્યાંકન પુનઃ કસોટી

શાળાનું નામઃ- ..... ધોરણઃ-૭ (સાત)

કુલ ગુણઃ-૨૫ વિષયઃ- વિજ્ઞાન તારીખઃ- .....

વિદ્યાર્થીનું નામઃ-..... સમયઃ-૧ કલાક

અધ્યયન નિષ્પત્તિ :- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન-૧ નીચેની લાક્ષણિકતાને એસિડ, બેઇઝ અને તટસ્થ પદાર્થોમાં વર્ગીકૃત કરો. ગુણઃ-3

૧. તે સ્વાદે ખાટા હોય છે. ....એસિડ....

૨. તે સ્પર્શે ચીકણા હોય છે. ....બેઇઝ....

૩. મીઠાના દ્રાવણની લિટમસ પર અસર થતી નથી. ....તટસ્થ....

અધ્યયન નિષ્પત્તિ :- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, લાક્ષણિકતાના આધારે વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન-૨ નીચેના ફેરફારને ભૌતિક ફેરફાર અને રાસાયણિક ફેરફારમાં વર્ગીકૃત કરો. ગુણઃ-૪

૧. લોખંડ પર રંગ લગાડવો. ....ભૌતિક ફેરફાર....

૨. ફટાકડા ફોડવા. ....રાસાયણિક ફેરફાર....

૩. લોખંડનું કટાવુ. ....રાસાયણિક ફેરફાર....

૪. પાણીની વરાળ થવી. ....ભૌતિક ફેરફાર....

અધ્યયન નિષ્પત્તિ :- પ્રશ્નના જવાબ મેળવવા સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો. ગુણઃ-૪

૧ હળદરને સૂચક તરીકે વાપરી શકાય કે નહિં તે નક્કી કરવા તમે કઇ પ્રવૃત્તિ કરશો.

હા, આપણે ખાવાના સોડા જેવા તટસ્થ પદાર્થોમાં હળદરનું મિશ્રણ કરીએ તો તેનો રંગ બદલાઈ જાય છે. એટલે હળદર સૂચક તરીકે વાપરી શકાય છે.

૨ ઊન કેવી રીતે તૈયાર થાય છે ક્રમમાં વર્ણવો.

ઘેટાના શરીર પરથી લાંબી કુંવારી ઊનની કાતરી લેવામાં આવે છે. જેને વાંકીમાં નાખીને ધોવામાં આવે છે. ધોયેલી લાંબી કાતરીનું કાર્ડિંગ કરવામાં આવે છે. નાના ફણાવાળા તંતુ કાઢી લેવામાં આવે છે. કાંતવાની & ગૂંથવાની પ્રક્રિયા થાય છે. અને આ ઊનના કપડા ગોળાકારે બનાવવામાં ઊનવણાટમાં લેવામાં આવે છે. તેને રંગવામાં આવે છે. અને સીવવામાં આવે છે.

તમામ પુનઃ કસોટીઓ તથા પુનઃ કસોટીના સોલ્યુશન માટે વોટસેપ નંબર- ૯૯૨૫૪૮૩૯૩૮.

Scanned by CamScanner

અધ્યયન નિષ્પત્તિ :- પ્રક્રીયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન-૪ કારણો આપો. ગુણ:-૪

૧ રાત્રી દરમિયાન જમીન તરફથી દરિયા તરફ પવન વહે છે.

રાત્રીના સમયે સમુદ્રના પાણીને જમીનની સરખેણે ઠંડું પડતાં વાર લાગે છે. જ્યારે સમુદ્ર તરફની ગરમ હવા ઉપર તરફ ગતિ કરે છે તેની જગ્યા લેવા જમીન તરફની ઠંડી હવા સમુદ્ર તરફ ધસી આવે છે. જેને ભૂમિ પવન કહે છે.

૨ ટોકોન પક્ષી લાંબી-મોટી મજબૂત ચાંચ ધરાવે છે.

તેની લાંબી મોટી મજબૂત ચાંચ હોય છે તેથી અઘરી તે નજીકની ડાળીઓમાં ફરી શકતા નથી અને વધી પડતાં ફળ સુધી લાંબું પહોંચી શકતાં નથી. કારણ કે લાંબા પ્રાણીનું વજન વધી જાય તે સંતુલન કરી શકતો નથી. કદાચ પક્ષી ઉડી જાય છે.

અધ્યયન નિષ્પત્તિ :- પ્રક્રીયા અને ઘટનાને સમજાવે છે.

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. ગુણ:-૮

૧ ભૌતિક ફેરફાર અને રાસાયણિક ફેરફાર વચ્ચેનો મૂળભૂત તફાવત આપો.

ભૌતિક
→ તેમાં પદાર્થનો આકાર, રંગ, કદ અવસ્થામાં ફેરફાર થાય છે.
→ તેમાં નવા ગુણધર્મવાળો પદાર્થ ઉત્પન્ન થતો નથી,

રાસાયણિક
→ તેમાં પદાર્થના મૂળ ગુણધર્મમાં ફેરફાર થાય છે.
→ તેમાં નવા ગુણધર્મવાળા પદાર્થ બને છે.

૨ લોખંડ કેવી રીતે ગરમ થાય છે ઉષ્માપ્રસરણની રીતને ધ્યાનમાં રાખી જવાબ આપો.

લોખંડ ઉષ્માવહનની રીતે ગરમ થાય છે. જ્યારે પદાર્થનો ગરમ ભાગ ગરમ થતાં અણુઓ તેની નજીકના અણુને ગરમ કરે છે. આ રીતે ઉષ્માનું ક્રમશઃ એક અણુમાંથી બીજામાં સ્થાનાંતર પામે છે અને પદાર્થ એક છેડેથી બીજા છેડે ગરમ થઈ જાય છે.

૩ એસિડીટી થાય ત્યારે એન્ટાસિડની ગોળી કેમ લઇએ છીએ.

એસિડની ગોળી લેવાથી તેમાં રહેલ મેગ્નેશિયમ હાઈડ્રોક્સાઈડ જેવું પદાર્થ હોવાથી જઠરમાં વધારાનાં એસિડની તટસ્થતા કરે છે આથી એસિડીટીમાં રાહત મળે છે.

૪ તમે કેવી રીતે બતાવી શકશો કે દહીં જામવું તે રાસાયણિક ફેરફાર છે.

દહીં બનાવવા મૂળ પદાર્થ દૂધ છે. દૂધમાં બેક્ટેરિયાની પ્રક્રિયાથી દહીં, નવા ગુણધર્મવાળો પદાર્થ બને છે. દૂધ & દહીં બિન્ન નવા ગુણધર્મ ધરાવે છે. તેથી દહીંનું જામવું એ રાસાયણિક ફેરફાર છે.

અધ્યયન નિષ્પત્તિ :- રાસાયણિક પ્રક્રીયાના શબ્દ સમીકરણ રચે છે.

પ્રશ્ન-૬ નીચેની પ્રક્રીયા પૂર્ણ કરો. ગુણ:-૨

કોપરસલ્ફેટ + આયર્ન ⟶ આયર્ન સલ્ફેટ + કોપર

Scanned by CamScanner